# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### આણંદ જિલ્લામાં સેન્ટ્રલ જીએસટીના અધિકારીઓની પજવણી વધતાં વેપારીઓમાં રોષ ભડક્યો

# તમાકુના વેપારી સીજીએસટી સામે રસ્તા પર ઉતર્યાં

**તમાકુની ખળી પર** ડ્રાઇવના બહાને આવી રેડ જેવું વાતાવરણ ઉભુ કરી વેપારીઓને ડરાવવા - ધમકાવવામાં આવે છે

**વેપારીના કોમ્પ્યુટર,** લેપટોપ પણ જપ્ત કરી સીસીટીવી કેમેરા બંધ કરી હેરાન કરી ખૂબ મોટી લાંચની માગણી કરવામાં આવતી હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) આણંદ તા.11

ચરોતર પ્રદેશ તમાકુના ઉત્પાદનમાં વિશ્વ પ્રસિદ્ધ છે. જેના કારણે અહીં તેનો વેપાર ફુલ્યો ફાલ્યો છે. પરંતુ જીએસટી અમલમાં આવ્યાં બાદ તમાકુના વેપારીઓની માઠી બેઠી છે. ખાસ કરીને સેન્ટ્રલ જીએસટીના અધિકારીઓની વધતી કનડગતથી વેપારીઓ રસ્તા પર આવી ગયા છે અને રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

ચરોતર તમાકુ પકવતો પ્રદેશ છે. તેનો મુખ્ય રોકડીયો પાક તમાકુ છે, અહીંયાથી અન્ય રાજ્યો, વિદેશમાં પણ તમાકુની નિકાસ થાય છે. પરંતુ તમાકુનો વેપાર કરતા વેપારીઓ જીએસટીના અધિકારીઓની કનડગતથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. તમાકુના વેપારી 2017થી ટાર્ગેટ બનાવ્યાં હોય તેમ જીએસટીના અધિકારીઓ દ્વારા ખોટી રીતે હેરાન પરેશાન કરવામાં આવી રહ્યાં છે. વેપારીની ઓફિસ કે તમાકુની ખળી પર ડ્રાઈવના બહાને આવી રેડ જેવુ વાતાવરણ ઉભુ કરવામાં આવે છે. બાદમાં ઓફિસ કે ખળીના તમામ દરવાજા બંધ કરી અને વેપારીને ડરાવી ધમકાવી રાઈટ ટુ પ્રીવેસી એક્ટનું ઉલ્લંઘન કરી મોબાઈલ જમા કરી લેવામાં આવે છે. આ







ઉપરાંત કોમ્પ્યુટર, લેપટોપ પણ જપ્ત કરી સીસીટીવી કેમેરા બંધ કરી હેરાન કરી ખૂબ મોટી લાંચની માગણી કરવામાં આવે છે. જો લાંચ આપવાની ના પાડે તો ખોટી રીતે કેસ કરીને 200 ટકા પેનલ્ટી ભરાવવાની અને સંશોધન ન થયેલા હોય તેવા કાયદાઓ બતાવી કેસ કરવાની, સીલ મારી દેવા સુધીની ધમકીઓ આપવામાં આવી રહી હોવાના વેપારીઓને આવેદનપત્રમાં આક્ષેપ કર્યાં છે.

આ અંગે વેપારીએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, તમાકુ અનેક પ્રકારની હોય છે. જેની અધિકારીઓને જાણ હોતી નથી. જેના કારણે ખૂબ મોટી ગેરસમજો ઉભી થતી હોય છે. તમાકુના જીએસટી બાબતે તમાકુ પકવતા ખેડૂત, વેપારી અને તમાકુના વિષયે સંપૂર્ણ જાણકારી ધરાવતા તજજ્ઞોને સાથે બેસાડી, ચર્ચા વિચારણા કરી તમાકુ બાબતે સંપૂર્ણ જાણકારી મેળવ્યા બાદ તમાકુ પર લગતા જીએસટી અંગે સંશોધન કરવામાં આવે. જેથી તમાકુથી અજાણ અધિકારીઓ ખોટી કનડગત કરતા અટકે અને ભ્રષ્ટ અધિકારીઓ પોતાની મનમાની ન કરી શકે. આ તબક્કે વેપારીઓએ ચિમકી ઉચ્ચારી હતી કે, માગણીઓ સંતોષવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે ચરોતર પ્રદેશના તમામ ખેડૂતો સાથે વિશાળ આંદોલન કરવામાં આવશે.

#### ટ્રાન્સપોર્ટર બીકના માર્યે માલ ભરવા તૈયાર થતા નથી

વેપારીઓએ આવેદનપત્રમાં રજૂઆત કરી હતી કે, એન્ફોર્સમેન્ટના કારણે સમાન પીનકોડ નંબર પર ઇ-વે બીલની જરૂરિયાત ન હોવા છતાં ટ્રાન્સપોર્ટર બીકના માર્યા માલ ભરવા તૈયાર થતાં નથી. લોકલ ટ્રાન્સપોર્ટમાં ઇ-વે બીલની જરૂરિયાત હોતી નથી. પરંતુ એન્ફોર્સમેન્ટના અધિકારીઓ ટ્રાન્સપોર્ટરને ખોટી રીતે હેરાન કરી લાંચ મેળવવા માટે હેરાન કરે છે. જેના કારણે કોઇ પણ ટ્રાન્સપોર્ટર સમાન પીનકોડ પર તમાકુનું ટ્રાન્સપોર્ટ કરવાની ના પાડે છે. જેથી વેપારીને ભારે નુકશાન થાય છે.

#### આરસીએમ ટેક્સના કારણે ખેડૂત અને વેપારી વચ્ચે ઘર્ષણ

ખેડૂત ખરીદી (આરસીએમ)ના કારણે ખેડૂતોમાં ભયનો માહોલ પેદા થયો છે. આરસીએમના કારણે ખેડૂતોના મનમાં ભ્રમ પેદા થયો છે. જે ટેક્સ તમાકુના વેપારીઓ ભરે છે. તે ટેક્સ ખેડૂતોએ ભરવો પડશે. જેથી ખેડૂતોને એવું લાગી રહ્યું છે કે આરસીએમનો ટેક્સ વેપારીઓ, ખેડૂતો પાસે વસુલી રહ્યા છે. જેનું ખેડૂતો પાસે સરકાર સ્પષ્ટીકરણ કરે અથવા સરકાર ખેડૂત ખરીદી પરથી ટેક્સ હટાવે તે જરૂરી બનયું છે.

#### ટ્રીબ્યૂનલની રચના ન થતાં કરોડો ફસાયા

જીએસટીની શરૂઆત 2017માં થઇ હતી. પરંતુ આઠ વર્ષના વ્હાણા વીતી ગયા છતાં ન્યાય પ્રક્રિયા હેતુ ટ્રીબ્યૂનલની સ્થાપના કે રચના કરવામાં આવી નથી. છેલ્લા આઠ વર્ષથી તમાકુના વેપારીઓની દંડ સ્વરૂપે વસુલવામાં આવેલા કરોડો રૂપિયા સરકાર પાસે ફસાયેલા છે. આ અંગે વારંવાર તમાકુના વેપારીઓ દ્વારા તેઓની દંડ સ્વરૂપે ફસાયેલી મૂડી બાબતે સરકાર પાસે ટ્રીબ્યુનલની માગણી કરવામાં આવી છે. તેમ છતાં આજદિન સુધી કોઇ પણ પ્રકારની નોંધ લેવામાં આવી નથી. જેથી તમાકુના વેપારીઓ ખૂબ જ હેરાન પરેશાન થયા છે. આથી, સરકાર પાસે વહેલી તકે ટ્રીબ્યુનલની રચના કરી ન્યાય પ્રક્રિયા કરવા માગણી કરવામાં આવી હતી.

---

### નડિયાદમાં પાલિકાએ સરદારની પ્રતિમા પાસે યુદ્ધના ધોરણે કાંસ સફાઈની હાથ ધરી

# નડિયાદમાં દુકાનો ખાલી કરવાનું શરૂ કરાયું

**કાંસની સફાઈ માટે** નગરપાલિકા પાસે બે સપ્તાહનો સમય માંગ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.11

નડિયાદમાં સરદારની પ્રતિમા પાસે કાંસ પરની દુકાનો નીચેથી પસાર થતા કાંસમાં સફાઈને લઈને આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો અને છેક હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. દરમિયાન બંને પક્ષોની રજૂઆત સાંભળ્યા બાદ દુકાનોમાં ઓછામાં ઓછું નુકશાન થાય તે રીતે પાલિકાને કાંસ સફાઈ કરવા હાઈકોર્ટે નિર્દેશ કર્યો હતો. જેને લઈને બીજા જ દિવસે પાલિકા દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી આરંભી દીધી છે. બપોર બાદ પાલિકાના અધિકારીઓએ કાંસ સફાઈ કરવા ખોદકામ શરૂ કરી દીધું હતું.



નડિયાદ શહેરમાં સરદારની પ્રતિમા પાસે આવેલ સરદાર ભુવન પાલિકા હસ્તકની જગ્યા છે. અહીંયા કાંસ પર જ વર્ષો જુની દુકાનો આવેલી છે. જેની આવરદા હાલ પુરી થઈ ચૂકી છે. તાજેતરમાં નડિયાદ શહેરમાં પડેલા ભારે વરસાદને પગલે ઠેકઠેકાણે પાણી ભરાયા હતા. આ કાંસ શહેરનો મુખ્ય કાંસ છે અને છેલ્લા લાંબા વર્ષોથી સફાઈ ન થતા અહીયા પાણી અવરોધાતુ હતુ અને શહેરમાં વરસાદી પાણીનો ઝડપી નિકાલ થતો નહોતો. જેને લઈને પાલિકાએ આ કાંસ સફાઈ કરવા અહીયા ગેપ કરવાની કામગીરી ગયા બુધવારે કરી હતી. જોકે દુકાનદારો ભડક્યા હતા અને સમગ્ર મામલાને હાઈકોર્ટ તરફ દોરી ગયા હતા. દરમિયાન પ્રથમ 9 સપ્ટેમ્બર અને એ બાદ 10 સપ્ટેમ્બરના રોજ હિયરીગ થતા કોર્ટે બંને પક્ષોની રજૂઆત સાંભળ્યા બાદ દુકાનોમાં ઓછામાં ઓછું નુકશાન થાય તે રીતે પાલિકાને કાંસ સફાઈ કરવા હાઈકોર્ટે નિર્દેશ કર્યો હતો. આ બાદ આજે બુધવારે બપોર બાદ પાલિકાના અધિકારીઓ, ચીફ ઓફિસર અહીંયા આવી સફાઈની કામગીરીને પુનઃ શરુ કરાવી છે. પોલીસનો પણ ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. હાલ દુકાનોમાં ખોદકામ શરૂ કરી દેવાયું છે. અને પાલિકાના અધિકારીઓએ વીડીયો રેકોર્ડિંગ પુરાવા સાથે વેપારીઓને દુકાનમાંથી સામાન દૂર કરવા જણાવ્યુ હતુ, જેના પગલે દુકાનદારો દ્વારા પણ અત્રે દુકાનો ખાલી કરવાનું શરૂ કરી દેવામાં આવ્યુ છે. નગરપાલિકાએ હવે આગામી 14 દિવસમાં આ દુકાનોની નીચે કાંસની સફાઈ કરવાની રહેશે, તે બાદ દુકાનોનું સમારકામ કરી અને વેપારીઓને સુપ્રત કરવાની રહેશે. આ દરમિયાન કોઈ મોટી માથાકૂટ ન થાય તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે.

---

### ડાકોરમાં રાધા સ્વરૂપમાં ઠાકોરજી દર્શનથી ભક્તોને ભાવવિભોર



સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં રાધાષ્ટમી ઉત્સવને લઈને શ્રી રણછોડરાય મંદિરમાં દર્શન માટે વૈષ્ણવો ઉમટ્યા હતા. ઠાકોરજીએ રાધા સ્વરૂપમાં નાકે નથણી, કમરમાં જુડો અને કમરમાં દાંડિયા પહેરી રાધા સ્વરૂપમાં ભક્તોને દર્શન આપ્યા હતા. ડાકોરમાં શ્રદ્ધાળુઓ રાધાષ્ટમીના દિવસના વિશેષ માહાત્મ્ય સાથે દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પુરાતન મંદિરે પણ રાધા અષ્ટમીની ઉજવણી કરાઇ હતી. ગાયના વાડા બાજુ જતાં ભગવાન રણછોડજીને બેઠક આવેલી છે. મહિલા મંડળના બહેનો દ્વારા ભજન અને રમઝટ બોલાવવામાં આવી હતી.

તસવીર : મહેશ શાહ

---

### બોરસદ ગણેશોત્સવમાં ઘીના કમળ , અર્ધ નારેશ્વર સ્વરૂપ શિવજીના દર્શનનો લ્હાવો



બોરસદના અશોકનગર વિસ્તારમાં છેલ્લા દસ વર્ષથી ભવ્ય રીતે ઉજવાતા ગણેશ મહોત્સવમાં ગણપતિ મહારાજની સ્થાપના કરવામાં આવે છે. દસ દિવસ સુધી દરરોજ પૂજા અર્ચના આરતી કરવામાં આવે છે. વર્તમાન વર્ષે ગણપતિ મહારાજની સ્થાપના કરવામાં આવી તે સંપૂર્ણ રીતે માટીમાંથી બનાવેલા છે . ઇકો ફ્રેન્ડલી મૂર્તિ પાસે ઘીના કમળની પણ રચના કરવામાં આવી છે. અર્ધનારેશ્વર સ્વરૂપ મહાદેવજીના મુખને ઘી માંથી બનાવેલું છે . તેની ફરતે ગણપતિ મહારાજ પ્રદક્ષિણા કરે છે અને તેમજ શેષનાગ પાણીનો છંટકાવ કરે છે. આવું નિરાળું આયોજન થતાં બોરસદના નગરજનો દર્શન માટે દરરોજ ઉમટે છે.

---

### આણંદમાં માથામાં બ્લોક મારી આધેડની હત્યામાં શ્રમીકની ધરપકડ

# આણંદમાં ₹200 ઝુંટવી લેવા માટે શ્રમજીવી શખ્સે આધેડની હત્યા કરી

**આણંદ શહેર પોલીસે** સીસીટીવી ફુટેજ આધારે હત્યા કરનારા શખ્સની ભાળ મળી

(પ્રતિનિધિ) આણંદ તા.11

આણંદ શહેરના ગંજબજારમાં મંગળવારની વ્હેલી સવારે 54 વર્ષિય આધેડની લાશ લોહીલુહાણ હાલતમાં મળી હતી. આ અંગે શહેર પોલીસની પ્રાથમિક તપાસમાં આધેડને માથામાં બ્લોક મારી હત્યા કરાઇ હોવાનું ખુલ્યું હતું. આ હત્યા પાછળ અન્ય એક શ્રમિકની સંડોવણી ખુલી હતી. જેને મૃતક પાસે રહેલા રૂ.200 ઝુંટવી લેવા હત્યા કરી હોવાનું ખુલયું હતું.

આણંદના સો ફુટ રોડ પર આવેલા લલીતા પાર્ક મહાદેવ મંદિરની બાજુમાં રહેતા અને મુળ રાજસ્થાનના વતની રાધાબહેન સુરેશભાઈ મારવાડી (સરગરા)ના પતિ સુરેશભાઈ રાવતાજી મારવાડી (ઉ.વ.54) સરદાર ગંજમાં મજુરી કામ કરે છે. દરમિયાન મંગળવારના રોજ સવારે રાધાબહેનને જાણવા મળ્યું હતું કે, ગંજ બજારમાં સુરેશભાઈની હત્યા કરાઇ છે. આથી, રાધાબહેન તાત્કાલિક સ્થળ પર પહોંચ્યાં હતાં. કોઇ અજાણ્યા શખ્સે મોઢા ઉપર તથા માથામાં બ્લોક મારી સુરેશભાઈ રાવતાજી મારવડા (સરગરા) (ઉ.વ.54)ની હત્યા કરી હોવાનું જણાયું હતું. આ અંગે આણંદ શહેર પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આણંદ શહેર પોલીસે ગંજ બજારના સીસીટીવી ફુટેજની તપાસ કરતાં હત્યા કરનાર શખ્સ પણ તેની સાથેનો શ્રમીક જ હોવાનું દેખાયું હતું. આ અંગે અલગ અલગ ટીમ બનાવી તપાસ કરતાં સીસીટીવીમાં દેખાયેલો શખ્સ વિપુલ ઉર્ફે કાળુ રામાજી મારવાડી (રહે. સરદાર ગંજ બજાર, આણંદ, મુળ રહે. રાજસ્થાન) હોવાનું ખુલ્યું હતું. આથી, પોલીસે વિપુલની ધરપકડ કરી આગવી ઢબે પુછપરછ કરી હતી. જેમાં તેણે હત્યાનો ગુનો કબુલ્યો હતો અને મતક સુરેશ મારવાડી પાસે રહેલા રૂ.200 ઝુંટવી લેતા તેણે હત્યા કરી હોવાનું પણ જણાવ્યું હતું. આ કબુલાત આધારે પોલીસે તેની ધરપકડ કરી રૂ.200 કબજે કરી તેને જ્યુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો છે.

---

# ખંભાતમાં 4 પશુપાલકનો ખેડૂત પર જીવલેણ હુમલો

**ડાંગરના ખેતરમાં** પશુઓ ઘુસાડી દેવા બાબતે ખેડૂતે ઠપકો કરતા હુમલો કર્યો

(પ્રતિનિધિ) ખંભાત તા.11

ખંભાત તાલુકાના પાલડી ગામમાં ચાર પશુ પાલકે ખેતરમાં પશુ ઘુસાડી દીધાં હતાં. આથી, ખેડૂતે વિરોધ કરતા તેના પર જીવલેણ હુમલો કર્યો હતો.

પાલડી ગામના ભાથીજીવાળા ફળીયામાં રહેતાં જેસંગ મેલાભાઈ મકવાણા પરિવાર સાથે 12 વીઘા જેટલી જમીનમાં ખેતી કામ કરે છે. હાલમાં તેઓએ ડાંગર તથા ઘાસચારાનું વાવેતર કર્યું છે. જેસંગ મકવાણા 10મીન રોજ બપોરે ઘરે હતાં તે સમયે દીકરા રણજીતે ફોન કરી જણાવ્યું હતું કે, ગામની સીમમાં લુણેજ બસ સ્ટેન્ડ પાસે ખેતરમાં કિશન મીઠા ભરવાડ, નગીન મીઠા ભરવાડ, અજય સંગ્રામ ભરવાડ, મેહુલ ગભુ ભરવાડ હાજર હતાં અને તેઓને ઢોર ચરાવવા બાબતે ઠપકો કર્યો હતો. આથી, નગીન ભરવાડે ઉશ્કેરાઇ લાકડીથી હુમલો કર્યો હતો. આ ઉપરાંત કિશન ભરવાડે પણ લાકડી મારી હતી અને અજય ભરવાડે દાંતી મારતાં કાન પર વાગ્યું છે. જોકે, આસપાસના લોકોએ વચ્ચે પડી રણજીતને વધુ મારથી બચાવ્યો હતો. આ અંગે ખંભાત ગ્રામ્ય પોલીસે કિશન મીઠા ભરવાડ, નગીન મીઠા ભરવાડ, અજય સંગ્રામ ભરવાડ અને મેહુલ ગભુ ભરવાડ સામે ગુનો નોંધ્યો હતો.

---

# વડતાલમાં રાધાષ્ટમીની હરિભક્તોએ હર્ષોલ્લાસથી ઉજવણી કરી

**ભગવાન શ્રીકૃષ્ણ સંગ** બિરાજમાન રાસેશ્વરી રાધિકાજીને વિશેષ શણગારથી વિભૂષિત કરાયા

(પ્રતિનિધિ) વડતાલ,તા.11

શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે બુધવારે ભાદરવા સુદ આઠમ( ધરો આઠમ - રાધાષ્ટમી) ના શુભ દિને વડતાલ મંદિરમાં બિરાજમાન રાધાજીના જન્મદિનની ઉજવણી ખુબ હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. નીજ મંદિરમાં બપોરના 12 કલાકે રાધાજીની વિશેષ આરતી ઉતારવામાં આવી હતી. ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્મા સંગ બિરાજમાન રાસેશ્વરી રાધિકાજીને વિશેષ શણગારથી વિભૂષિત કરાયા હતા.

વડતાલ મંદિરના કોઠારી ડો. સંતવલ્લભદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે વડતાલ મંદિર દ્વારા અન્ય ઉત્સવ તહેવારોની જેમ ₹માં જગદંબા₹ના આ પ્રાગટ્ય દિનને પણ પરંપરાગત રીતે ઉજવવામાં આવી રહ્યો છે. ભાદરવા સુદ આઠમના રોજ બપોરના 12 કલાકે વ્રજમંડલના રાવલ ગામે ગોપયતિ વૃષભાણજી અને કીર્તિદ દેવીની કુખે રાધિકાજીનું અવતરણ થયું હતું. રાધાજી વૃષભાણ દંપતીની જ નહીં પણ વ્રજની કન્યા છે. ભગવાન શ્રીકૃષ્ણના પ્રાણપ્રિય શ્યામસખી છે. રાધાજી શ્રીકૃષ્ણની રાસલીલાના પુરક છે. રાસેશ્વરી વગર રાસલીલા શક્ય જ નથી.

ભાગવતકારોના મતે રાધાજી અને શ્રીકૃષ્ણ એક જ પરમતત્વ છે. યુગ્મ સ્વરૂપે યુક્ત છે. નિજ મંદિરમાં બપોરના 12 વાગે રાધિકાજીની વિશેષ આરતી ઉતારવામાં આવી હતી. આ સમયે મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોએ રાસેશ્વરી રાધાજીને હેપી બર્થ ડે કહી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ત્યારબાદ સૌ ભક્તોને પંચાજીરીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. આ ઉપરાંત ડભાણ સ્વામિનારાયણ મંદિરમાં પણ રાધિકાજીના જન્મ વધામણા કરવામાં આવ્યા હતા અને વિશેષ આરતી ઉતારવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્યામસ્વામી (વડતાલ) એ કર્યું હતું.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225